જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । સોમવાર । તા. ૦૧-૦૪-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૨૦ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)


વિજયવાડા રેલીમાં આંધ્રને વિશેષ રાજયનો દરજ્જો આપવાનું રાહુલનું વચન

મોદીજીએ ૧૫ લાખ ન આપ્યા પરંતુ અમે ૭૨ હજાર આપીશું: રાહુલ ગાંધી

મિસ્ટર મોદી પાંચ વર્ષથી દેશના વડાપ્રધાન છે તેઓ રાજયના લોકોને આપેલા વચનો પૂરા કરી શક્ય નથી, ગરીબી હટાવવા માટે અમે ન્યાય યોજના લાવીશું

વિજયવાડા

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી આંધ્ર પ્રદેશના વિજયવાડામાં એક રેલીનું સંબોધન કર્યું હતું. રાહુલે આ દરમિયાન કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર પર પ્રહારો કર્યા હતા. કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે, હું મોદી નથી. તેમણે ૧૫ લાખ રૂપિયા આપવાનું વચન આપ્યું હતું જે તેઓ પૂરૂ કરી શક્યા નથી. અમારી સરકાર



દર વર્ષે ગરીબોને ૭૨ હજાર રૂપિયા આપશે.

રાહુલ ગાંધીએ આંધ્ર પ્રદેશને વિશેષ રાજયનો દરજ્જો આપવા અંગે જણાવ્યું હતું કે, જો કેન્દ્રમાં અમારી સરકાર બનશે તો આંધ્ર પ્રદેશને વિશેષ રાજયનો દરજ્જો આપશે. તેમણે વડાપ્રધાન મોદી પર નિશાન સાધતા જણાવ્યું હતું કે, મિસ્ટર મોદી પાંચ વર્ષથી દેશના વડાપ્રધાન છે અને તેઓ રાજયના લોકોને આપેલા વચનો પૂરા કરી શક્યા નથી. મને એ વતાની હેરાની થઇ રહી છે કે આંધ્ર પ્રદેશની પાર્ટીઓ આ મુદ્દે મોદીને આક્રમક રીતે ઘેરી રહી નથી. આ સાથે ગરીબ વર્ગના લોકોને વાર્ષીક ૭૨ હજાર રૂપિયા આપવાના વચનનો ઉલ્લેખ કરતા રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે, હું મોદી નથી. હું ખોટું નથી બોલતો. તેઓ તમને ૧૫ લાખ રૂપિયા આપશે, આ એક જૂઠ હતું. તેમની સરકાર તમારા ખાતામાં ૧૫ લાખ રૂપિયા જમા કરવી શકી નથી પરંતુ અમારી સરકાર બનશે તો દેશના સૌથી ગરીબ વર્ગને દર વર્ષે ૭૨ હજાર રૂપિયા આપશે.

રાહુલ ગાંધી અમેઠી સહિત કેરળની વાયનાડ બેઠકથી લોકસભા ચૂંટણી લડશે

ન્યુ દિલ્હી

કોંગ્રેસ અધ્યક્ષ અમેઠી ઉપરાંત બીજી બેઠક પરથી લોકસભાની ચૂંટણી લડશે. આ સાથે તેઓ દક્ષિણ ભારતના રાજકારણમાં પાર્ટીના મૂળીયા વધારે ઉંડા ઉતારવાનો પણ પ્રયાસ કરશે. કોંગ્રેસના સીનિયર નેતા એ કે એન્ટનીએ આ બાબતની જાહેરાત કરી હતી.

એન્ટની એ જણાવ્યું હતું કે, છેલ્લા કેટલાક સમયથી માંગણી ઉઠી રહી હતી કે, રાહુલ ગાંધીએ અમેઠીની સાથોસાથ દક્ષિણ ભારતમાંથી કોઈ એક બેઠક પરથી પણ ચૂંટણી લડવી જોઈએ. કર્ણાટક, કેરળ અને તમિળનાડુમાંથી આ પ્રકારની માંગણીઓ ઉઠી રહી હતી. માટે આ વખતે રાહુલ ગાંધી કેરળની વાયનાડ બેઠક પરથી લોકસભાની ચૂંટણી લડશે.

તેમણે એમ પણ જણાવ્યું હતું કે, અનેક કારણોસર કેરળની વાયનાડની પસંદગી કરવામાં આવી છે. કેરળની વાયનાડ બેઠક સાંસ્કૃતિક અને ભૌગોલીક રૂપે ઘણી મહત્વની છે. આ બેઠક કેરળ, તમિળનાડુ અને કર્ણાટકને જોડે છે. માટે રાહુલ ગાંધી જો વાયનાડથી ચૂંટણી લડે તો આ દક્ષિણ ભારતનું પ્રતિનિધિત્વ ગણાશે.

ભાજપે લોકસભાના ગુજરાતના વધુ ચાર ઉમેદવારોના નામ જાહેર કર્યા

આણંદ-મિતેષ પટેલ, પાટણ-ભરતસિંહ ડાભી, જૂનાગઢ-રાજેશ ચુડાસ્મા અને છોટાઉદેપુરથી ગીતાબેન રાઠવા મેદાને

હાલના ૪ સાંસદમાંથી ૩ કપાયા, અમદાવાદ પૂર્વ, મહેસાણા અને સુરતના ઉમેદવાર બાકી, આણંદ, પાટણ, છોટાઉદેપુરના સાંસદોના પત્તા કપાયા તાલાલા પેટાચૂંટણીમાં ભાજપે જશાભાઈ બારડને ટિકિટ આપી

ગાંધીનગર

લોકસભાની ચૂંટણીને લઇને ગુજરાતમાં રાજનીતિ ગરમાઇ છે. બન્ને પાર્ટીઓ ગુજરાતમાં પોતાના ઉમેદવારોની પસંદગીને લઇને અસમંજસમાં છે. ભાજપે અત્યાર સુધી ૩ યાદીમાં ૧૯ ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. ભાજપે લોકસભાની ચૂંટણી ગુજરાતના વધુ ચાર નામની જાહેરાત કરી છે. હવે ગુજરાતની કુલ ૨૬ બેઠકમાંથી અમદાવાદ પૂર્વ તથા સુરત અને મહેસાણા બેઠકના ઉમેદવાર જાહેર થવાના બાકી છે. ભાજપ તરફથી આજે આણંદ, પાટણ, જૂનાગઢ અને છોટા ઉદેપુર બેઠક માટે નામોની જાહેરાત કરવામાં આવી છે. બીજેપીએ જૂનાગઢ બેઠક પરથી વર્તમાન સાંસદ રાજેશ ચુડાસમાને જ ટિકિટ આપી છે. સાથે જ તાલાળા પેટા-ચૂંટણી માટે બીજેપીએ જસા બારડને ટિકિટ આપી છે.

આ બેઠક પર કોંગ્રેસના ધારાસભ્ય ભગવાન બારડ ધારાસભ્ય પદે ગેરલાયક ઠરતા ચૂંટણી યોજાઈ રહી છે. તાલાળા બેઠક પર લોકસભાની સાથે જ ચૂંટણી યોજાશે.

આણંદ લોકસભામાં ભાજપના ઉમેદવાર તરીકે મિતેશ પટેલ આપતા આણંદથી દિલીપ પટેલનું પત્તું કપાયું છે. ભરતસિંહ ડાભી પાટણ લોકસભાના ભાજપના ઉમેદવાર તરીકે નિમણૂંક કરવામાં આવી છે. ત્યારથી પાટણથી લીલાધર વાઘેલાનું પત્તું કપાયું છે. જૂનાગઢથી ભાજપના રાજેશ ચુડાસમાને રિપીટ કરાયા છે, BJPમાં છોટા ઉદેપુર બેઠક પર ગીતાબેન રાઠવાને ટિકિટ આપવામાં આવે છે. છોટા ઉદેપુરથી રામસિંહ રાઠવાનું પત્તું કપાયું છે. તાલાલા પેટાચૂંટણીમાં ભાજપના જશાભાઈ બારડને ટિકિટ આપવામાં આવી છે.

ચાર ઉમેદવારના નામની જાહેરાત સાથે જ બીજેપીએ કુલ ૨૩ બેઠક પર ઉમેદવારના નામની જાહેરાત કરી દીધી છે. બાકીના ત્રણ બેઠકમાં સુરત, અમદાવાદ પૂર્વ, સુરત અને મહેસાણા બેઠકનો સમાવેશ થાય છે.

ભાજપે ચાર બેઠક પર નામ જાહેર કર્યા

આણંદ બેઠક: મિતેષ પટેલ

પાટણ: ભરતસિંહ ડાભી

જૂનાગઢ: રાજેશ ચુડાસમા

છોટા ઉદેપુર: ગીતાબેન રાઠવા

રાહુલ ગાંધીને હરાવાનો ડર: ડાબેરીઓ, અમેઠીમાં સ્મૃતિની લોકપ્રિયતા જોઈ રાહુલ ડર્યા: ભાજપ

ન્યુ દિલ્હી

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ આગામી લોકસભા ચૂંટણીમાં અમેઠી ઉપરાંત કેરાલાની વાયનાડ બેઠક પરથી લડવાના કરેલા નિર્ણય બાદ રાજકીય મોરચે ગરમાવો છે. ભાજપની સાથે સાથે હવે તો ડાબેરીઓએ પણ તેના પ્રત્યાઘાત આપતા કહ્યુ છે કે, રાહુલ ગાંધી ડરી ગયા છે અને તેના કારણે બે બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે. સીપીએમ નેતા પ્રકાશ કરાતે કહ્યુ હતુ કે, કોંગ્રેસ ડરેલી છે. માટે જ કોંગ્રેસ અધ્યક્ષે વાયનાડ બેઠકની પસંદ કરી છે પણ સીપીએમ રાહુલ ગાંધીને હરાવી દેશે. આનો અર્થ છે કે, કોંગ્રેસ દ્વારા ડાબેરીઓને ટાર્ગેટ કરવામાં આવી રહ્યા છે પણ અમે પૂરજોશમાં રાહુલ ગાંધીનો વિરોધ કરીને તે આ બેઠક પરથી હારે તે જોઈશું. ભાજપે પણ નિવેદન આપતા કહ્યુ છેકે, અમેઠીમાં સ્મૃતિ ઈરાનીની લોકપ્રિયતા જોઈને ડરેલા રાહુલે કેરાલાનો સહારો લીધો છે.

ભાગેડુ વિજય માલ્યાએ મોદીનું નામ લઈને કર્યું ટ્વિટ

ભારતમાં મને પોસ્ટર બોય બનાવી દેવામાં આવ્યો: વિજય માલ્યા

ન્યુ દિલ્હી

ભારતની બેંકોના આશરે રૂ. ૯ હજાર કરોડ લઈને વિદેશ ભાગી ગયેલા ૬૨ વર્ષિય વેપારી વિજય માલ્યાએ ફરી એક વખત ટ્વિટ્સ કરીને બીજેપી પર પ્રહાર કર્યા છે. માલ્યાએ ટ્વિટ કરીને જણાવ્યું કે, સરકારે મારી પાસેથી વધારે રકમ વસૂલ કરી લીદી છે. પોતાના ટ્વિટમાં વિજય માલ્યાએ પીએમ નરેન્દ્ર મોદીએ તાજેતરમાં એક ખાનગી ટીવી ચેનલને આપેલા ઈન્ટરવ્યૂનો પણ હવાલો આપ્યો હતો. વિજય માલ્યાએ પ્રથમ ટ્વિટમાં લખ્યું કે, મેં વડાપ્રધાન મોદીનું ઈન્ટરવ્યૂ જોયું હતું. જેમાં તેમણે મારું નામ લેતા કહ્યું કે મારી પાસેથી બેંકોએ રૂ. ૯ હજાર કરોડ રૂપિયા લેવાના બાકી છે, તેમની સરકારે મારી રૂ. ૧૪ હજાર કરોડની સંપત્તિ જપ્ત કરી લીધી છે. આ વાતની પુષ્ટિ ખુદ વડાપ્રધાને કરી છે. ભાજપના પ્રવક્તાઓ શા માટે ભાષણબાજીમાં મારું નામ લેતા રહે છે? વિજય માલ્યાએ વધુ એક ટ્વિટ કરીને લખ્યું કે, "ભારતમાં મને પોસ્ટર બોય બનાવી દેવામાં આવ્યો છે. આ વાતની પુષ્ટિ ખુદ પીએમ કરી ચુક્યા છે. જેટલા મેં કથિત રીતે બેંકો પાસેથી લીધા તેનાથી વધારે તો સરકાર વસૂલ કરી ચુકી છે. હકીકત એવી છે કે હું ૧૯૯૨થી બ્રિટનનો નાગરિક છું. ભાજપ કહે છે કે હું ભાગેડૂ છું. નોંધનીય છે કે ઈડીએ તાજેતરમાં જ વિજય માલ્યાના શેર વેચીને રૂ. ૧૦૦૮ કરોડ મેળવ્યા છે.







મોરબીની ખાનગી હોસ્પિટલો-કલીનીકમાં આરોગ્ય વિભાગનું સરપ્રાઈઝ ચેકિંગ

તમામ હોસ્પિટલ-કલીનીક નિયમોનુસાર ચાલતા હોવાનો સુર

મોરબી જીલ્લામાં આરોગ્ય વિભાગની ટીમ દ્વારા ખાનગી હોસ્પિટલ અને કલીનીક ખાતે સરપ્રાઈઝ ચેકિંગ કરવામાં આવ્યું હતું જેમાં ચેકિંગ કરેલ તમામ હોસ્પિટલ અને કલીનીકમાં નિયમોનુસાર કાર્યવાહી થતી હોવાનું આરોગ્ય વિભાગની ટીમે જણાવ્યું હતું

મોરબી જીલ્લા આરોગ્ય અધિકારી ડો. જે એમ કતીરાના માર્ગદર્શન હેઠળ PC PNDC એક્ટ હેઠળ ખાનગી કલીનીક અને હોસ્પિટલોમાં વેરીફીકેશન કરવામાં આવ્યું હતું જેમાં મોરબીના તાલુકા હેલ્થ ઓફિસર ઉપરાંત ટંકારા, વાંકાનેર અને હળવદના અધિકારીઓ પણ ચેકિંગમાં જોડાયા હતા મોરબી શહેરમાં આવેલ સાત કલીનીક અને શહેરની નામાંકિત હોસ્પિટલમાં ચેકિંગ કર્યું હતું જેમાં ભ્રુણ પરીક્ષણ તેમજ રજીસ્ટ્રેશન સહિતના ચેકિંગ કરવામાં આવ્યા હતા જોકે આરોગ્ય ટીમના ચેકિંગમાં સાત પૈકી એકપણ હોસ્પિટલ કે કલીનીકમાંથી કોઈ નિયમભંગ સામે આવ્યો ના હતો તેવી માહિતી આરોગ્ય વિભાગમાંથી પ્રાપ્ત થઈ છે સ્ત્રી ભ્રુણ હત્યા અટકાવવા માટે ભ્રુણ પરીક્ષણ ગેરકાયદેસર પ્રવૃત્તિ છે ત્યારે આવી પ્રવૃત્તિ થતી નથી ને તેનું સરપ્રાઈઝ ચેકિંગ કરવામાં આવ્યું હતું જોકે મોરબીની હોસ્પિટલ અને કલીનીકો નિયમોનું પાલન યોગ્ય રીતે કરતી હોય તેમ પણ આરોગ્યના અધિકારીઓએ જણાવ્યું હતું

હળવદમાં ક્રિકેટ સટ્ટો રમતા છ ઝડપાયા

હળવદ પોલીસે રોકડ, મોબાઈલ, એલઈડી ટીવી સહિત ૬૩,૩૨૦નો મુદ્દામાલ કબ્જે કર્યો

ગઈકાલે મોડી સાંજે હળવદ પોલીસ દ્વારા શહેરમાં આવેલ મોરબી ચોકડી પાસેની બજરંગ કોર્પોરેશન નામની દુકાનમાં આઈપીએલ પર સટ્ટો રમતા છ સટોડીયાઓને રૂ.૬૩,૩૨૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

આઈપીએલ શરૂ થતાની સાથે જ સટ્ટોડીયાઓ પણ કમાવા માટે મેદાને આવ્યા છે અને દરોજ લાખો - કરોડો રૂપિયાની હાર-જીત કરતા હોય છે. ત્યારે આવા સટ્ટોડીયાઓ પર હળવદ પોલીસ બાઝ નજર રાખી દરોડાઓ પાડી રહી છે તેવામાં બનાવની જાણવા મળવા વિગતો મુજબ ગઈકાલે મોડી સાંજના હળવદ પી.આઈ. એમ.આર.સોલંકીના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. જે.કે. મુડીયા, વિક્રમસિંહ સીહોરા, ગંભીરસિંહ ચૌહાણ, મનહરભાઈ પ્રજાપતિ, વિજયભાઈ છાસીયા સહિતના પેટ્રોલીગમાં હતા તે અરસામાં મળેલ બાતમીના આધારે શહેરના મોરબી ચોકડી નજીક આવેલ બજરંગ કોર્પોરેશન નામની દુકાનમાં દરોડા પાડતા ક્રિકેટની મેચ સટો રમી રહેલા છ સટોડીયાઓને રંગે હાથે ઝડપી લીધા હતા. ઝડપાયેલા આરોપી પંકજભાઈ ચમનભાઈ ગોઠી, આસીષભાઈ ભગવાનભાઈ પરમાર, રમેશભાઈ લખમણભાઈ ચાવડા, હસમુખભાઈ ભીમજીભાઈ દલવાડી, અશોક ભગવાનભાઈ દલવાડી, વિરૂ વૈષ્ણવભાઈ સહિત છ શખ્સોને ઝડપી લીધા હતા. પોલીસ દ્વારા ઘટનાસ્થળેથી આઠ નંગ મોબાઈલ, ટીવી - સેટપબોક્ષ તથા કેબલ, રીમોર્ટ, કેલ્યુલેટર તેમજ ૧૪,૭૨૦ રોકડ મળી કુલ રૂ. ૬૩,૩૨૦નો મુદ્દામાલ કબજે લઈ આરોપીઓને પોલીસ મથકે લાવી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ભુજ એલસીબીએ નખત્રાણાના ભડલી ગામેથી થયેલ એરંડાની ચોરીનો ભેદ ઉકેલ્યો:એક આરોપી ઝડપાયો

ભુજ કચ્છ: ભુજના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર એમ.બી.ઔસુરાની સુચનાથી એલ.સી.બી. સ્ટાફના માણસો ભુજ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા.



પેટ્રોલીગ દરમ્યાન ફરતા-ફરતા ભુજ-મીરઝાપર હાઈવે રોડ પર આવતા ખાનગી રાહે અત્યંત ભરોસાલાયક બાતમી મળેલ કે, આજથી બે માસ અગાઉ નખત્રાણા તાલુકાના ભડલી ગામમાં આવેલ ગોડાઉનમાંથી થયેલ એરંડા ચોરીનો આરોપી હાલે ભુજ-મીરઝાપર રોડ પર આવેલ ભોલેનાથ પેટ્રોલપંપ પાસે ઉભો છે. જેથી મળેલ સચોટ અને ભરોસા લાયક બાતમી હકીકત આધારે બાતમી હકીકત વાળી જગ્યાએ આવતા સદરહું બાતમી હકીકત વાળો ઈસમ હાજર મળી આવતા મજકુર ઈસમની પુછપરછ કરતા પોતે પોતાનું નામ સજુભા ઉર્ફે પિન્ટુ ગાભુભા જાડેજા (હોથી), ઉ.વ.૨૭, રહે.ભડલી, તા.નખત્રાણા વાળો હોવાનું જણાવેલ અને મજકુર ઈસમની યુકિત પ્રયુકિતથી પુછ-પરછ કરતા તેણે જણાવેલ કે, આજથી આશરે બે માસ અગાઉ હું તથા મારી સાથે (૧) મહિપતસિંહ પઢીયાર, રહે.દેશલપર (વાંઢાય), (૨) રણજીતસિંહ ગાભુભા જાડેજા, રહે.ભડલી, તા.નખત્રાણા, (૩) રઘુભા, રહે.ભુજ એમ અમો ચારેય જણાએ મહિપતસિંહ પઢીયારની અલ્ટો કાર તેમજ રઘુભાના છકડામાં રાત્રીના ભાગે આશરે એકાદ વાગ્યાના અરસામાં ભડલી ગામે આવેલ ગોડાઉનમાંથી અંદાજે વીસેક બોરી એરંડાની ચોરી કરેલાનુ કબુલાત કરતો હોય જે અંગે ખરાઈ કરતા નખત્રાણા પોલીસ સ્ટેશન ખાતે ફ.ગુ.ર.નં.૧૩/૨૦૧૯, ઈ.પી.કો. કલમ-૪૫૭,૩૮૦ મુજબનો ગુન્હા રજીસ્ટર થયેલ હોય જેથી મજકુર ઈસમની સી.આર.પી.સી. કલમ-૪૧(૧)(આઈ) મુજબ અટક કરી આગળની તપાસ અર્થે નખત્રાણા પોલીસ સ્ટેશન ખાતે સોંપવામાં આવેલ છે.

હળવદ કોંગ્રેસના તાલુકા પંચાયતના પાંચ અને નગરપાલીકાના ત્રણ સદસ્યો ભાજપમાં કુદકો મારવાની તૈયારીમાં ?

કોંગ્રેસના ઉમેદવાર જાહેર થયા બાદ કેસરીયો ધારણ કરી ભાજપમાં જાડાવાની ચર્ચા : તમામ ગોઠવણ થઈ ગઈ

તાજેતરમાં જ હળવદ તળાવ કૌભાંડમાં લાંબો સમય જેલવાસ ભોગવી આવેલ કોંગી ધારાસભ્ય એકાએક કોંગ્રેસ પક્ષમાંથી રાજીનામુ ધરી દઈ ભાજપમાં જાડાઈ ગયા હતા. ત્યારે ભાજપ દ્વારા કોંગ્રેસમાંથી ભાજપમાં જાડાયેલા પરસોતમ સાબરીયાને હળવદ - ધ્રાંગધ્રા વિધાનસભાની પેટા ચૂંટણીના ઉમેદવાર જાહેર કર્યા છે. આમ વધુ એક કોંગ્રેસને ઝટકો લાગવાના એંધાણ સૂત્રો પાસેથી સાંપડી રહ્યા છે. જેમાં તાલુકા પંચાયતના પાંચ અને નગરપાલીકા ત્રણ સદસ્યો ભાજપમાં કુદકો મારવાની પેરવીમાં હોવાનું અત્યંત આધારભૂત સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

હળવદ - ધ્રાંગધ્રાના કોંગી ધારાસભ્ય પદેથી રાજીનામું દઈ પરસોતમ સાબરીયા ભાજપમાં જાડાઈ કેસરીયા કર્યા હતા. ત્યારે પેટા ચૂંટણીમાં પરસોતમભાઈને ભાજપે ઉમેદવાર જાહેર કરતા ભાજપમાં કયાંકને કયાંક આંતરીક જુથવાદ સપાટી પર આવ્યું હોવાનું વાત જગજાહેર છે ત્યારે આ તમામ અટકળો વચ્ચે હળવદ તાલુકા પંચાયતના પાંચ અને પાલીકાના ત્રણ સદસ્યો કોંગ્રેસના ઉમેદવાર જાહેર થયા બાદ જાડાશે તેવું અત્યંત આધારભૂત સૂત્રો જાણવા મળી રહ્યું છે. જયારે બીજી તરફ લોકસભાની સાથે વિધાનસભાની પેટા ચૂંટણીને લઈ હળવદ પંથકમાં રાજકીય ગરમાવો વ્યાપી જવા પામ્યો છે. ઉપરાંત ટૂંક સમયમાં હળવદ તાલુકા પંચાયતના પાંચ કોંગી સભ્યો સહિત નગરપાલીકાના ત્રણ સદસ્યો ભાજપમાં જાડાવાના એંધાણના પગલે હળવદ કોંગ્રેસમાં ભંગાણ પડવાની સ્થિતિ સર્જાઈ છે. ત્યારે આવનારી લોકસભાની સાથે વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ અને ભાજપ એડી ચોટીનું જાર લગાવવા મથી રહ્યા છે.

હળવદ કોંગ્રેસના તાલુકા પંચાયતના પાંચ અને નગરપાલીકાના ત્રણ સદસ્યો ભાજપમાં કુદકો મારવાની તૈયારીમાં?

કોંગ્રેસના ઉમેદવાર જાહેર થયા બાદ કેસરીયો ધારણ કરી ભાજપમાં જાડાવાની ચર્ચા : તમામ ગોઠવણ થઈ ગઈ

તાજેતરમાં જ હળવદ તળાવ કૌભાંડમાં લાંબો સમય જેલવાસ ભોગવી આવેલ કોંગી ધારાસભ્ય એકાએક કોંગ્રેસ પક્ષમાંથી રાજીનામુ ધરી દઈ ભાજપમાં જાડાઈ ગયા હતા. ત્યારે ભાજપ દ્વારા કોંગ્રેસમાંથી ભાજપમાં જાડાયેલા પરસોતમ સાબરીયાને હળવદ - ધ્રાંગધ્રા વિધાનસભાની પેટા ચૂંટણીના ઉમેદવાર જાહેર કર્યા છે. આમ વધુ એક કોંગ્રેસને ઝટકો લાગવાના એંધાણ સૂત્રો પાસેથી સાંપડી રહ્યા છે. જેમાં તાલુકા પંચાયતના પાંચ અને નગરપાલીકા ત્રણ સદસ્યો ભાજપમાં કુદકો મારવાની પેરવીમાં હોવાનું અત્યંત આધારભૂત સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

હળવદ - ધ્રાંગધ્રાના કોંગી ધારાસભ્ય પદેથી રાજીનામું દઈ પરસોતમ સાબરીયા ભાજપમાં જાડાઈ કેસરીયા કર્યા હતા. ત્યારે પેટા ચૂંટણીમાં પરસોતમભાઈને ભાજપે ઉમેદવાર જાહેર કરતા ભાજપમાં કયાંકને કયાંક આંતરીક જુથવાદ સપાટી પર આવ્યું હોવાનું વાત જગજાહેર છે ત્યારે આ તમામ અટકળો વચ્ચે હળવદ તાલુકા પંચાયતના પાંચ અને પાલીકાના ત્રણ સદસ્યો કોંગ્રેસના ઉમેદવાર જાહેર થયા બાદ જાડાશે તેવું અત્યંત આધારભૂત સૂત્રો જાણવા મળી રહ્યું છે. જયારે બીજી તરફ લોકસભાની સાથે વિધાનસભાની પેટા ચૂંટણીને લઈ હળવદ પંથકમાં રાજકીય ગરમાવો વ્યાપી જવા પામ્યો છે. ઉપરાંત ટૂંક સમયમાં હળવદ તાલુકા પંચાયતના પાંચ કોંગી સભ્યો સહિત નગરપાલીકાના ત્રણ સદસ્યો ભાજપમાં જાડાવાના એંધાણના પગલે હળવદ કોંગ્રેસમાં ભંગાણ પડવાની સ્થિતિ સર્જાઈ છે. ત્યારે આવનારી લોકસભાની સાથે વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ અને ભાજપ એડી ચોટીનું જાર લગાવવા મથી રહ્યા છે.

વેરા વસુલાત અંગે અઠવા ઝોને ૧૩૫ દુકાનો સીલ મારી દીધા

સુરત

સુરત મહાનગર પાલિકામાં આવેલ અઠવા ઝોન વિસ્તારમાં વર્ષ ૨૦૧૮-૧૯ના મ્યુનિસિપપલ મિલકતવેરા ઘનિષ્ઠ વસુલાત માટે પગલા લેવામાં આવેલ છે. અઠવા ઝોન સંલગ્ન વિસ્તારમાં આવેલ ફોનીક્સ ટાવર વેસુ આભવા રોડ, તા.૨૯-૦૩-૨૦૧૯ના રોજ કુલ ૧૩૫ દુકાનો સિલ કરેલ છે. જેમાંથી આઠ દુકાનના માલિકો પાસેથી સ્થળ પર રૂા.૧,૦૦,૦૦૦ જેટલી મિલકતવેરાની વસુલાત કરવામાં આવેલ છે.

ટીકરનો મનસુખ ઉર્ફે મંત્રી સહિત સાત પતા ટીચતા ઝડપાયા

જિલ્લા એલસીબીએ ગત મોડી રાત્રીના હળવદ એપીએમસીના ડિરેકટર સહિત સાત પત્તા પ્રેમીઓને રૂ.૧.૮૬ લાખના મુદ્દામાલ સાથે દબોચી લીધા

હળવદ તાલુકાના ટીકર ગામે ગત મોડી રાત્રીના જિલ્લા એલસીબીએ રહેણાંક મકાન પર દરોડો પાડી જુગટુનો ખેલ ખેલતા સાત પતા પ્રેમીઓને રંગેહાથ રૂ.૧.૮૬ લાખની રોકડ સાથે ઝડપી લેવાતા ટીકર ગામમાં ચકચાર મચી જવા પામી છે.

રાજકારણની સેખી મારતા અને પોતે મોટા ગજાનો નેતા હોવાનો ફાંકો રાખી ફરતા મનસુખ ઉર્ફે મંત્રી તેમજ હળવદ એપીએમસીના ડિરેકટર સહિત સાત શખ્સોને પતા ટીચતા મોરબી એલસીબી ટીમે ઝડપી લેતા રાજકારણનો ફાંકો લઈ ફરતા શખ્સોની હવા નીકળી ગઈ હતી. બનાવની જાણવા મળતી વિગતો મુજબ જિલ્લા પોલીસ વડા ડો.કરણરાજ વાઘેલાના માર્ગદર્શન હેઠળ ગત મોડી રાત્રીના જિલ્લા એલસીબી પીએસઆઈ આર.ટી. વ્યાસ સહિતનાઓએ બાતમીના આધારે તાલુકાના ટીકર ગામે નાનજી ધનજી ચાવડાના રહેણાંક મકાનમાં ચાલતા જુગારધામ પર દરોડો પાડયો હતો. જેમાં પોલીસે રહેણાંક મકાનમાંથી સાત શખ્સોને ૧.૮૬ લાખની રોકડ સાથે ઝડપી લીધા હતા. ઝડપાયેલા આરોપીમાં નાનજી ધનજીભાઈ ચાવડા (રહે. ટીકર), ઈશ્વરભાઈ કાશીરામ સીણોજીયા (રહે. માનગઢ), કરમશી હરજી હડિયલ (રહે.ટીકર), પ્રેમજી વિરજી એરવડીયા (રહે.ટીકર), મનસુખ ઉર્ફે મંત્રી બેચરભાઈ એરવડીયા (રહે.ટીકર), રતીલાલ રામજી એરવડીયા (રહે.ટીકર), સંજય શંકર એરવડીયા (રહે.ટીકર) સહિત સાત શખ્સોને રૂ.૧.૮૬ લાખની રોકડ સાથે ઝડપી લઈ હળવદ પોલીસ મથકે લાવી ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, મંનસુખ ઉર્ફે મંત્રી પોતાની જાતને મોટા ગજાનો નેતા સમજી ડંફાસો મારતો હોય ત્યારે પોતે જુગાર રમતા એલસીબીના હાથે ચડી જતા હવા નીકળી ગઈ હતી.

હળવદમાં ક્રિકેટ સટ્ટો રમતા છ ઝડપાયા



હળવદ પોલીસે રોકડ, મોબાઈલ, એલઈડી ટીવી સહિત ૬૩,૩૨૦નો મુદ્દામાલ કબ્જે કર્યો

ગઈકાલે મોડી સાંજે હળવદ પોલીસ દ્વારા શહેરમાં આવેલ મોરબી ચોકડી પાસેની બજરંગ કોર્પોરેશન નામની દુકાનમાં આઈપીએલ પર સટ્ટો રમતા છ સટોડીયાઓને રૂ.૬૩,૩૨૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

આઈપીએલ શરૂ થતાની સાથે જ સટ્ટોડીયાઓ પણ કમાવા માટે મેદાને આવ્યા છે અને દરોજ લાખો - કરોડો રૂપિયાની હાર-જીત કરતા હોય છે. ત્યારે આવા સટ્ટોડીયાઓ પર હળવદ પોલીસ બાઝ નજર રાખી દરોડાઓ પાડી રહી છે તેવામાં બનાવની જાણવા મળવા વિગતો મુજબ ગઈકાલે મોડી સાંજના હળવદ પી.આઈ. એમ.આર.સોલંકીના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. જે.કે. મુડીયા, યોગેસદાન ગઠવી, બીપીનભાઈ, વનરાજસિહ બાબરીયા ગંભીરસિહ ,સહિતના પેટ્રોલીગમાં હતા તે અરસામાં મળેલ બાતમીના આધારે શહેરના મોરબી ચોકડી નજીક આવેલ બજરંગ કોર્પોરેશન નામની દુકાનમાં દરોડા પાડતા ક્રિકેટની મેચ સટો રમી રહેલા છ સટોડીયાઓને રંગે હાથે ઝડપી લીધા હતા. ઝડપાયેલા આરોપી પંકજભાઈ ચમનભાઈ ગોઠી, આસીષભાઈ ભગવાનભાઈ પરમાર, રમેશભાઈ લખમણભાઈ ચાવડા, હસમુખભાઈ ભીમજીભાઈ દલવાડી, અશોક ભગવાનભાઈ દલવાડી, વિરૂ વૈષ્ણવભાઈ સહિત છ શખ્સોને ઝડપી લીધા હતા. પોલીસ દ્વારા ઘટનાસ્થળેથી આઠ નંગ મોબાઈલ, ટીવી - સેટપબોક્ષ તથા કેબલ, રીમોર્ટ, કેલ્યુલેટર તેમજ ૧૪,૭૨૦ રોકડ મળી કુલ રૂ. ૬૩,૩૨૦નો મુદ્દામાલ કબજે લઈ આરોપીઓને પોલીસ મથકે લાવી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

હળવદની સાંદિપની ઈંગ્લીશ સ્કુલ ખાતે વાર્ષિક મહોત્સવ ઉજવાયો



હળવદની સાંદિપની ઈંગ્લીશ સ્કુલ ખાતે વિદ્યાર્થીઓ દ્વારા રંગારંગ અને ભવ્યાતિભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્કુલના અંદાજિત ૬૦૦થી ૧૦૦૦ વિદ્યાર્થીઓએ જુદાજુદા કાર્યક્રમોમાં ભાગ લઈ પોતાની નીત નવી કલાઓને પ્રદર્શિત કરી હતી. આ તકે શાળાના શિક્ષકગણ સહિત વાલીગણને વિદ્યાર્થીઓએ મંત્રમુગ્ધ કરી દીધા હતા.

ઝાલાવાડની શૈક્ષણિક નગરી હળવદમાં સાંદિપની સ્કુલ ખાતે વાર્ષિક ઉત્સવનું આયોજન કરાયું હતું. જેમાં સાંદિપની સ્કુલના વિદ્યાર્થીઓ દ્વારા દેશભકિત ગીત, ગુજરાતી, મહારાષ્ટ્રીય રાસ - ગરબા, ફિલ્મ ગીતો, નાટકો, બેટી બચાવો અભિયાન, ધાર્મિક ગીત - ભજનો, યોગ વગેરે જેવા સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કર્યા હતા. આ પ્રસંગે વાલીઓ તથા આંમત્રિત મહેમાનોને ઉત્સાહિત અને આનંદિત થયા હતા. આ કાર્યક્રમનો શુભારંભ રણજીતગઢ સ્વામિનારાયણ મંદિરના મહંત શ્રી હરિભકિત સ્વામી દ્વારા દિપ પ્રાગટય કરાયું હતું. સાંદિપની શાળા ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમમાં જનમેદની ઉમટી પડી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા સાંદિપની સ્કુલના પરિવારે ખુબ જ જહેમત ઉઠાવી હતી અને આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ પ્રસંગે સાંદિપની શાળા પરિવાર દ્વારા ઉપસ્થિત સૌ લોકોનો આભાર વ્યકત કર્યો હતો.

બારડોલી લોકસભા બેઠક માટે ખર્ચ નિરિક્ષકની નિમણુંક થઈ

વ્યારામાં ખર્ચ નિરીક્ષક કૈલાશ કનોજીયાની અધ્યક્ષતામાં બેઠક

વ્યારા

લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૯ સંદર્ભે ભારતીય ચૂંટણી પંચ દ્વારા ૨૩-બારડોલી સંસદીય બેઠક માટે ઉમેદવારોના ખર્ચા ઉપર નજર રાખવા ખર્ચ ઓબ્ઝર્વર તરીકે કૈલાશ કનોજીયા(આઇ.આર.એસ)ની નિમણુંક કરવામાં આવી છે.

ખર્ચ ઓબ્ઝર્વર કનોજીયાએ આજે કલેકટર કચેરી, વ્યારા ખાતે એક્ષપેન્ડીચરમોનીટરિંગ સેલની વિવિધ ટીમો તથા નોડલ અધિકારીઓની સાથે બેઠક યોજી ચૂંટણી જાહેર થયાથી અત્યાર સુધી કરવામાં આવેલી કામગીરીની ઝીણવટભરી માહિતી મેળવી કામગીરીની સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. તેમણે ભારતના ચૂંટણી પંચની ગાઇડલાઇન પ્રમાણે આદર્શ આચારસંહિતાના ચુસ્ત અમલ સાથે નિષ્પક્ષ અને ન્યાયિક રીતે ચૂંટણી યોજાય તે જરૂરી હોવાનું જણાવી ૨૩-બારડોલી બેઠકમાં સમાવિષ્ઠ ૭ વિધાનસભા વિસ્તારોમાં કાર્યરત ફલાઇંગ સ્કવોર્ડની ભૂમિકા ખૂબ જ અગત્યની બની રહે છે ત્યારે તેમાં ગંભીરતા દાખવી ચોકસાઇપૂર્વક કામગીરી હાથ ધરવા જરૂરી સૂચનો કરી માર્ગદર્શન પુરૂં પાડયું હતું. એક્ષપેન્ડીચર મોનીટરિંગ સેલના ચીફ કો-ઓર્ડિનેટર અને જિલ્લા વિકાસ અધિકારી જે.બી.પટેલ, જિલ્લા પોલીસ વડા એન.એન.ચૌધરી, આચાર સંહિતા અમલીકરણ નોડલ અધિકારી અને પ્રાયોજના વહીવટદાર વિજયભાઇ પટેલ સહિત તમામ ટીમોના અધિકારી/કર્મચારીઓને આચારસંહિતા ભંગ કે ખર્ચ અંગેની ફરિયાદ મળે સત્વરે તપાસ કરી તાત્કાલિક નિવારણ કરવા જણાવ્યું હતું. તમામ ટીમોને ચૂંટણી પ્રચારલક્ષી સભાઓ, રેલીઓ, રોડ શૉ જેવા કાર્યક્રમો દરમિયાન વિશેષ ધ્યાન રાખવાનું હોઇ પુરતી સજાગતા કેળવી ચૂંટણીતંત્રને ચૂંટણી અંગે મળેલી ફરિયાદોનો સો મિનીટમાં નિકાલ થાય તે માટે તાકીદ કરી હતી.

બેઠકની શરૂઆતમાં ૨૨૩-બારડોલી લોકસભા બેઠકના ચુંટણી અધિકારી અને તાપી કલેકટર આર.એસ.નિનામાએ પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન રજૂ કરી જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આચારસંહિતા ચુસ્ત અમલીકરણ સાથે નિષ્પક્ષ અને ન્યાયી રીતે ચૂંટણી સંપન્ન કરવા હાથ ધરેલ આયોજનની વિસ્તૃત જાણકારી આપી હતી. ખર્ચ નિરીક્ષકે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવેલી વ્યવસ્થાથી સંતોષ વ્યકત કર્યો હતો.

૨૩-બારડોલી લોકસભા સંસદીય બેઠકમાં ૨૨ એફ.એસ.ટી, ૨૨ એસ.એસ.ટી, ૧૫ વી.એસ.ટી અને ૭ વી.વી.ટી કાર્યરત છે જયારે તાપી જિલ્લામાં સમાવિષ્ઠ બે વિધાનસભા વિસ્તાર માટે ૧૦ અને ૨૩-બારડોલી લોકસભા સંસદીય વિસ્તારમાં સમાવિષ્ઠ સૂરત જિલ્લાની સાત વિધાનસભા વિસ્તારમાં ૨૩ સ્થળોએ પોલીસની ટીમો રાઉન્ડ ચેકીંગ કરી રહી છે.

બેઠકમાં અધિક નિવાસી કલેકટર બી.બી.વહોનિયા, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રીમતી આશાબેન વસાવા, વ્યારા પ્રાંત તુષારભાઇ જાની, તિજોરી અધિકારી અશોકભાઇ હળપતિ, નાયબ પોલીસ અધિક્ષક માવાણી, ચૂંટણી મામલતદાર રાકેશભાઇ ડામોર, સૂરત-તાપી જિલ્લામાં કાર્યરત આસીસ્ટન્ટ એક્ષપેન્ડીચર ઓબ્ઝર્વર્સ, એફ.એસ.ટી, એસ.એસ.ટી, વી.એસ.ટી અને વી.વી.ટીના તમામ અધિકારી કર્મચારીઓ, તાપી જિલ્લા ચૂંટણી શાખાના અન્ય કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



સુરતમાં કાળઝાળ ગરમી પડી રહી છે. તાપમાનનો પારો સતત ૪૦ ડિગ્રી પાસે રહેતા શહેરીજનોમાં વ્યાપક અકળામણ વ્યાપી જવા પામી છે. બળબળતા તાપથી બચવા કેપ અને ગોગલ્સ કારગત ઉપાય છે. તેથી રસ્તામાં ટોપી અને ગોગલ્સ વેચવાનું શરૂ કરી દેવાયું છે.

નવસારી વિજલપોર પાલિકા ક્ષેત્રમાં દિવસભર ગુડ્ઝ વાહનો પર પ્રતિબંધ

સવારથી રાત્રી સુધી યાત્રી વાહનો પણ પ્રવેશ કરી શકશે નહીં

નવસારી

નવસારી નગરપાલિકા વિસ્તાર તથા વિજલપોર નગરપાલિકા વિસ્તારમાં ગુડ્ઝ તથા પેસેન્જર વ્હીકલ જેનું વજન ૮.૮ ટન કે તેથી વધારે વજનવાળા (છ પૈંડાથી વધુ પૈંડાવાળા વાહનો) વાહનો સવારે ૮-૦૦ થી બપોરે ૧૩-૦૦ તેમજ સાંજે ૧૬-૦૦ થી રાત્રિના ૨૧-૦૦ કલાક સુધી કોઇપણ રસ્તાથી નવસારી/વિજલપોર નગરપાલિકા વિસ્તારમાં પ્રવેશ કરવા પર તાત્કાલિક અસરથી આગામી તા.૨૫/૦૫/૨૦૧૯ સુધી નવસારી જિલ્લા મેજીસ્ટ્રેટ ડૉ.એમ.ડી.મોડિયાએ મળેલી સત્તાની રૂએ પ્રતિબંધ ફરમાવ્યો છે.

આ વાહનોમાં સરકારી-અર્ધ સરકારી કામે રોકાયેલ વાહનો, આવશ્યક ચીજ વસ્તુઓની હેરફેર કરતા વાહનો, પોલીસ વાહનો, સ્કુલ બસ, એમ્બ્યુલન્સ, એસ.ટી.બસ, ફાયરના વાહનો, વિદ્યાર્થી પ્રવાસ બસ, લગ્ન પ્રસંગની બસ તેમજ ઇમરજન્સી સર્વિસમાં સમાવેશ થતો હોય તેવા વાહનોને આ જાહેરનામાંમાંથી મુકિત રહેશે. ખાસ કિસ્સાઓમાં ઉકત પ્રતિબંધિત સમય દરમિયાન કોઇ ભારે વાહનોને શહેરમાં પ્રવેશ કરવા માટે જરૂરિયાત જણાય તેવા કિસ્સાઓમાં અરજદારોએ નાયબ પોલીસ અધિક્ષકશ્રી, હેડ કવાર્ટર, નવસારી તથા પોલીસ ઇન્સ્પેકટરશ્રી, ટ્રાફિક શાખા, નવસારીનાઓની લેખિત મંજૂરી મેળવી લેવાની રહેશે. સેન્ટ્રલ પબ્લીક વર્કસ દાંડી પ્રોજેકટ ડિવીઝન દાંડી, જલાલપોર, નવસારી હસ્તક ભારત સરકારનો નેશનલ દાંડી મેમોરિયલ કોમ્પલેક્ષ પ્રોજેકટ અંતર્ગત વેલકમ સેન્ટર, સોલ્ટ મેકીંગ સેન્ટર વિગેરે પ્રોજેકટ અંતર્ગત આર.એમ.સી.ના વાહનોને નવસારી તથા વિજલપોર નગરપાલિકા વિસ્તારમાંથી દિવસ દરમિયાન વાહનો લાવવા-લઇ જવાની છૂટ આપવામાં આવે છે.

આ હુકમનો ભંગ કર્યે ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ કસુરવાર સામે પગલાં લઇ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

બીક સેલોની 'રાઈટ ટુ વીન' પહેલ છ લાખ વિદ્યાર્થીઓને તાલીમ

પરિક્ષા માટે વિદ્યાર્થીઓને સઘન તાલીમ અપાઈ

સુરત

ભારતમાં અગ્રણી રાઇટિંગ ઇન્સ્ટ્રુમેન્ટ કંપની બીક સેલોએ ગત વર્ષે સપ્ટેમ્બરમાં સેલો 'રાઇટ-ટુ-વીન' પહેલ લોન્ચ કરી હતી, જેનો ઉદ્દેશ્ય અભ્યાસ અને શિક્ષણ ×ત્યે તંદુરસ્ત વલણને ×ોત્સાહન આપવાનો હતો.

શૈક્ષણિક તણાવ એક સામાજિક મુદ્દો બની રહ્યો છે કારણકે બાળકો અને કિશોરો પરિક્ષાની ચિંતાથી પીડાય છે. શૈક્ષણિક શ્રેષ્ઠતા હાંસલ કરવા અને ક્લાસમાં ઉત્કૃષ્ટ ×દર્શન કરવા માટે વિદ્યાર્થીઓ ઉપર દબાણ કરાય છે. શાળામાં નિ×ફળ થવાનો તણાવ અને ચિંતાને કારણે ઘણીવાર બાળકની સામાજિક, ભાવનાત્મક અને શૈક્ષણિક સફળતાને અસર થાય છે. સેલો 'રાઇટ-ટુ-વીન' ×ોગ્રામ વિદ્યાર્થીઓને હેન્ડરાઇટિંગ સ્કિલ વિકસાવવા તેમને તાલીમ આપવા તથા પરિક્ષા દરમિયાન તણાવને નિયંત્રણમાં રાખવામાં મદદરૂપ બનવામાં આવે તે ×કારે ડિઝાઇન કરવામાં આવ્યો છે. ગત વર્ષે લોન્ચ કરાયા બાદ આ પ્રોગ્રામ દ્વારા ભારતની ૧,૫૦૦ શાળાઓના ૬,૦૦,૦૦૦ વિદ્યાર્થીઓને શિક્ષિત કરાયા છે.

આ કાર્યક્રમમાં બે વર્કશોપ સામેલ છે, જે શૈક્ષણિક તાલીમ ક્ષેત્રના સર્ટિફાઇડ હેન્ડરાઇટિંગ એનાલિસ્ટ અને નિષ્ણાંતોની ટીમ દ્વારા વિકસાવવામાં આવ્યાં છે. ×થમ વર્કશોપ 'સિક્રેટ ટુ હેન્ડરાઇટિંગ'માં ધોરણ ૪થી૬ના વિદ્યાર્થીઓને સાંકળવામાં આવ્યાં છે. આ સેશનમાં વિદ્યાર્થીઓને રાઇટિંગ સ્કીલ વિકસાવવા અને તેમાં સુધારો કરવાની ટેકનીક શીખવવામાં આવે છે, જેનાથી તેમને પેન્સીલથી પેન તરફના બદલાવને સરળતાથી અપનાવવામાં મદદ મળી રહેશે.

સેન્ટ્રલ ઝોને વોર્ડ નં. ૧માં વધુ એક ગેરકાયદે બાંધકામ તોડી પાડ્યું

મિલ્કતદાર પાસેથી રૂા.૭૫ હજારનો ચાર્જ વસુલાયો

સુરત

સેન્ટ્રલ ઝોનના કાર્યપાલક ઈજનેરની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૦૧, નોંધ નં. ૧૫૪૬/બ/૨ વાળી મિલ્કતમાં મિલ્કતદાર અચીનાબીબી મો. અનવર બાગવાલા દ્વારા સુરત મહાનગરપાલિકા ના મંજુર કરાયેલ પ્લાન વિરુદ્ધ બાંધકામ કરતા તા.૨૯-૦૩-૧૯નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિભાગ, દબાણ ખાતાનાં સ્ટાફ તથા સુરત મહાનગરપાલિકાનાં સિક્યોરિટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત પાંચમાં માળે આશરે ૧૫૦ ચો.ફૂટ ચણતર તથા છઠ્ઠા માલે આશરે ૬૦૦ ચો.ફૂટ આર.સી.સી. સ્લેબ દૂર કરવામાં આવેલ છે. તેમજ ડીમોલીશન પેટે રૂા.૭૫,૦૦૦/- વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

વ્યવસાય વેરો વસુલવા ભાઠેનામાં વધુ મિલ્કતોને સીલ મરાયા

મિલ્કત તથા વ્યવસાય વેરો તાકીદે ભરી દેવા સૂચના

સુરત

સાઉથ ઈસ્ટ ઝઓનના ડે. કમિશ્નર સાહેબની સૂચના અને આસી. કમિશનરના માર્ગદર્શન હેઠળ વ્યવસાય વેરા વસુલાત વિભાગના સ્ટાફ દ્વારા તા.૨૯-૦૩-૧૯ના રોજ ભાઠેના ઈન્ડસ્ટ્રીઝ વિભાગ-૦૧, વિભાગ-૨, ઉમા ઈન્ડસ્ટ્રીઝ એસ્ટેટ (ડુંભાલ) વિસ્તાર તેમજ મંગલ પાર્ક ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં વ્યવસાય વેરા વસુલાતની કામગીરી ઘનિષ્ઠ બનાવવામાં આવતા કુલ-૦૮ સંસ્થાઓને સીલ કરવામાં આવેલ.તા.૨૨ -૦૩-૨૦૧૯ના રોજ જય ભવાની ઈન્ડ. તેમજ જય ઈન્ડસ્ટ્રીઝ વિભાગ-૩ (આંજણા) વિસ્તારમાં કુલ-૦૫ (પાંચ) સંસ્થાઓને સીલ કરવામાં આવેલ.

જેના કારણે લાંબા સમયથી વ્યવસાય વેરો ભરપાઈ ન કરતા કરદાતાઓમાં ફફડાટ ફેલાયો હતો. કુલ રૂા.૯,૧૦,૦૦૦ વસુલાત થયેલ.

વધુમાં તા.૩૧ માર્ચ ૨૦૧૯ સુધીમાં સાઉથ ઈસ્ટ ઝોનમાં આવેલ તમામ ઈન્ડસ્ટ્રીયલ તેમજ કોમર્શીયલ વિસ્તારમાં પણ લાંબા સમયથી વેરો ભરપાય ન કરતા કરદાતાની મિલ્કતોને ટાંચમાં લઈ સીલીંગની કાર્યવાહી કરવામાં આવનાર છે. આથી જે કરદાતાઓનો વ્યવસાય વેરો બાકી છે તેમણે ઝોન ઓફિસના વ્યવસાય વેરા વિભાગનો સંપર્ક કરી તાત્કાલીક વેરો ભરવા ખાસ જણાવવામાં આવે છે.

ટાટા એગ્રીકો દ્વારા ડીલર મીટ સાથે વેન કેમ્પેઈનનું લોચીંગ

ગ્રામીણ વિસ્તારોમાં કૃષિ અને હેન્ક ટૂલ્સ પ્રદર્શિત કરાશે

સુરત

૨૩ માર્ચ ના રોજ ટાટા સ્ટીલ ના ડિવિઝન 'ટાટા એગ્રીકો' એ સુરત માં ઉત્તર, મધ્ય દક્ષિણ ગુજરાત માટે માઇક્રો ડિસ્ટ્રીબ્યુશન વેન કેમ્પેઇન શરૂ કર્યું છે. ટાટા સ્ટીલ ની એગ્રીકો ડિવિઝન ના વડા શ્રી રાહુલ મિશ્રા એ વેન લોન્ચ કાર્યક્રમનું ઉદઘાટન કર્યું હતું અને ઉદઘાટન દરમિયાન તેમણે કહ્યું કે ઉત્તર, મધ્ય , અને દક્ષિણ ગુજરાત ના ખેડૂતો અને બીજા ગ્રામીણ ગ્રાહકો ના લાભ માટે વેન સમગ્ર ઉત્તર, મધ્ય દક્ષિણ ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં પ્રવાસ કરશે અને વિવિધ કૃષિ અને હેન્ડ ટૂલ્સ પ્રદર્શિત કરશે. વેન ની સાથે રહેલા સેલ્સ ઓફિસર ખેડૂતો ને આ ટૂલ્સની વિશેષતાઓ અને તેના ઉપયોગ વિશે ઉપયોગી માહિતી પૂરી પાડશે. તે અંતરિયાળ ગ્રામીણ વિસ્તારો ના ખેડૂતો ને પણ ઉત્પાદન પ્રાપ્ત કરાવશે. આ વેન અભિયાન મેસર્સ વિઝન પ્રોકોન પ્રા. લિ. અમદાવાદ દ્વારા લાગુ કરવામાં આવશે જે ટાટા સ્ટીલ માટે ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાત માં ટાટા એગ્રીકો ડિવિઝનના ઓથોરાઈઝ્ડ વિતરક છે.

વિઝન પ્રોકોન પ્રા. લિ.એ લોર્ડ્સ પ્લાઝા હોટેલ, સુરત ખાતે ટાટા એગ્રીકો ડીલર્સ મીટનું આયોજન પણ કર્યું હતું. ૧૦૦થી વધારે ડીલરોએ આ ડીલર મીટ માં ભાગ લીધો હતો.

મતદાર જાગૃતિ ઝુંબેશ અંગે ખોલવડ અને એનામાં સ્કૂલ બાળકોની રેલી

ઠેરઠેર બાળકો દ્વારા મતદાર જાગૃતિ માટેના કાર્યક્રમો યોજાયા

સુરત

લોકસભાની સામાન્ય ચુંટણીમાં મતદારો પોતાના પવિત્ર મતાધિકારનો વધુમાં વધુ ઉપયોગ કરે તેવા આશયથી સ્વીપ નોડલ અધિકારી અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી એચ. એસ.રાજયગુરૂના માર્ગ દર્શન હેઠળ જિલ્લાની શાળાના બાળકોએ મતદાર જાગૃતતા અભિયાન હેઠળ વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. ચોર્યાસી તાલુકાની ગભેણી સરકારી માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાએ રેલી કાઢી વિવિધ બેનરો દ્વારા લોકતંત્ર કા ભાગ્યવિધાતા હોતા જાગરૂક મતદાતા જેવા બેનરો સાથે મતાધિકારએ આપણી પવિત્ર ફરજ બને છે તેવી તેવી સમજ આપીને લોકોને જાગૃતિ કર્યા હતા.

જિલ્લાની પલસાણા તાલુકાની એના ગામે સરદાર પટેલ વિદ્યાલયના બાળકોએ મતદાર જાગૃતિ અભિયાન હેઠળ રેલી કાઢવામાં આવી હતી. આ ઉપરાંત કામરેજ તાલુકાના ખોલવડ ગામે આર.કે.પ્રાથમિક શાળા ખાતેના બાળકોએ રેલી કાઢીને લોકોને જાગૃત કરાયા હતા.

મતદાર જાગૃતિ ઝુંબેશમાં બાળકોએ માનવ સાંકળ બનાવી

સુરત - લોકસભાની સામાન્ય ચુંટણીમાં વધુમાં વધુ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને લોકશાહીના પર્વમાં ભાગીદાર થાય તે માટે અઠવાઝોનમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુરત સંચાલિત શાળાના બાળકોએ મતદાર જાગૃતિ સંદર્ભે માનવ સાંકળ બનાવીને મતદાન કરવાનો સંદેશો આપ્યો હતો. આ પ્રસંગે જિલ્લા શિક્ષણાધિકારી, અઠવા ઝોનના આસિ કમિશનરશ્રી ઉપસ્થિત રહ્યા હતા.



ઉધના-મગદલ્લા રોડ પર સર્વિસ રોડ પર વૃક્ષોની મદદથી વિવિધ પ્રકારના વસ્ત્રોની દુકાન શરૂ કરી દેવામાં આવી છે. સુરત મહાનગરપાલિકાનું દબાણ ખાતુ લારી-ગલ્લા તથા પાથરણાઓનું દબાણ વારંવાર ઉપાડી જતુ હોય છે. તેથી રસ્તા પર ધંધો કરતા ફેરિયાઓએ ઝાડ પર લટકતી દુકાનનો નવા ધંધો શોધી કાઢ્યો હોવાનું આ તસવીરમાં જણાય છે.

ચૂંટણી અંગેની ઓનલાઈન ફરિયાદનું ૧૦૦ મીનીટમાં પરિણામ જોવા મળશે

નવસારી

આગામી લોકસભા સામાન્ય ચૂંટણી સંદર્ભે ચૂંટણી આયોગ દ્વારા આચારસંહિતા ભંગ કરનાર સામે સત્વરે કાર્યવાહી કરવા મોબાઇલ એપ્લીકેશન મારફત પણ ફરિયાદ મેળવવાનો વ્યુહ અપનાવ્યો છે. આ મોબાઇલ એપ્લીકેશન C-VIGIL ગુગલ પ્લેસ્ટોરમાં જઇને વિનામૂલ્યે મળી શકે છે. આ ઓનલાઇન એપ્લીકેશન પર કોઇ પણ વ્યક્તિ ફરીયાદ કરી શકે છે.

૨૫-નવસારી લોકસભા મત વિસ્તારમાં જાગૃત નાગરિકો પણ આ એપ દ્વારા ફરીયાદ કરી શકે છે. આ એપ દ્વારા લાઇવ ફોટો અથવા વિડિયો રેકોર્ડ કરી ચૂંટણી પંચને મોકલી શકાય છે. ચૂંટણી પંચને આ એપ મારફત ફરિયાદ મળતા ૧૦૦ મીનીટમાં પગલા લેવાશે આ માટે ફરિયાદ કર્તા પોતાનુ નામ જાહેર ન કરવા માંગતા હોય તો તે ગુપ્ત રાખી શકાય છે. C-VIGIL એપ મારફત ચૂંટણી પંચને ફરિયાદ મળતા જિલ્લાકક્ષાએ આ ફરિયાદ નિવારણ માટે કાર્યરત ચૂંટણીતંત્રના અધિકારીએ ૧૦૦ મીનીટમાં ફરિયાદનું નિવારણ કરવાનું છે. પરવાનગી વગર બેનર લગાડતા, મતદાનના દિવસે મતદારોને ફેરફાર માટે વાહનોનો ઉપયોગ કરતા, મિલ્કતનો દુરૂપયોગ કરતાં લોકો પર આ એપ દ્વારા ચૂંટણીતંત્રની બાજ નજર રહેશે.

તંત્રી સ્થાનેથી...

પર્યાવરણને લઈને ચિંતા

વિશ્વ હવામાન વિજ્ઞાન સંગઠન દ્વારા જારી કરવામાં આવેલા રિપોર્ટ ધ સ્ટેટ ઓફ ધ ગ્લોબલ ક્લાઈમેટ સમગ્ર વિશ્વ માટે ચેતવણી સમાન છે. આ દર્શાવે છે કે સરકારો દ્વારા પર્યાવરણને લઈને પુરતા પગલા લેવામાં આવ્યા નથી જેથી હવે પેરિસ સમજુતીના લક્ષ્યાંકને હાંસલ કરવામાં મુશ્કેલી થશે. સમયસર લક્ષ્યાંકને હાંસલ કરવાની બાબત તો દુરની છે. આ લક્ષ્યાંક તો મોડેથી પણ પૂર્ણ કરી શકાય તેવી સ્થિતી દેખાતી નથી. સ્થિતી સુધરવાના બદલે દિન પ્રતિદિન બગડી રહી છે. આ રિપોર્ટ ન્યુયોર્કમાં ચાલી રહેલી પર્યાવરણ સંબંધી ઉચ્ચ સ્તરની બેઠકમાં રજૂ કરવામાં આવ્યો હતો. સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ ગુતેરેસ દ્વારા આ રિપોર્ટ રજૂ કરીને તમામને ચિંતામાં મુકી દીધા છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો થઈ રહ્યો નથી. જેથી છેલ્લા ચાર વર્ષના ગાળામાં ધરતીના તાપમાનમાં સતત વધારો થઈ રહ્યો છે. વર્ષ ૨૦૧૮માં પૂર્વ ઔદ્યોગિક સમયની તુલનામાં તાપમાન એક ડિગ્રી ઉપર પહોંચી ગયુ હતુ. જ્યારે પેરિસ સમજુતીમાં આ વધારો સદીના અંત સુધી બે ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચે તેવી વાત કરવામાં આવી છે. જાણકાર પર્યાવરણ વૈજ્ઞાનિકો અને નિષ્ણાંતો કહે છે કે જો આવી જ રીતે તાપમાન વધશે તો લક્ષ્યને ક્યારેય હાંસલ કરી શકાશે નહીં. કાર્બન ડાયોક્સાઈડનુ સ્તર ૧૯૯૪માં ૩૫૭ પીપીએમ (પાર્ટસ પર મિલિયન) હતુ. જે વર્ષ ૨૦૧૭માં વધીને ૪૦૫.૫ પીપીએમ સુધી પહોંચી ગયુ હતુ. ગ્રીન હાઉસ ગેસના વધતા ઉત્સર્જનના કારણે દરિયાઇ સપાટીમાં પણ સતત વધારો થઈ રહ્યો છે. વર્ષ ૨૦૧૭ની તુલનામાં તેમાં ૨૦૧૮માં ૩.૭ મિલિમટરનો વધારો થયો છે. આ ઉપરાંત દરિયાઇ જળમાં અમ્લિયત વધી રહી છે. જેના કારણે મુંગા જીવજન્તુના મોત થઈ રહ્યા છે. પાણીમાં રહેતા જીવ જન્તુની લાઈફ પર ગંભીર ખતરો તોળાઈ રહ્યો છે. ગ્લેશિયરોના કદમાં ઘટાડો થઈ રહ્યો છે. હવામાનની સ્થિતી બદલાઈ રહી છે. ક્યારેય ઉત્તરીય યુરોપમાં પ્રલયકારી વરસાદ થઈ રહ્યો છે. કેટલીક વખત શિકાગો ઉત્તરીય ધ્રુવ કરતા પણ વધારે ઠંડા સ્થળમાં ફેરવાઈ જાય છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે ગયા વર્ષે કેરળમાં અસામાન્ય વરસાદના કારણે પૂરની સ્થિતી સર્જાઈ ગઈ હતી. ગુતેરેસે આ બાબતની ચિંતા પ્રગટ કરી હતી કે જળવાયુ પરિવર્તન તેને ઘટાડી દેવાના કરવામાં આવી રહેલા પ્રયાસો કરતા વધારે ઝડપથી આગળ વધે છે. તેઓએ આ સમસ્યાને ઉકેલવા માટે પગલા લેવા વૈશ્વિક દેશોને અપીલ કરી હતી. સાથે સાથે વિશ્વના ટોપ નેતાઓને નક્કર પગલા લેવા માટે યોજના સાથે આવવા માટે અપીલ કરી છે. જળવાયુ પરિવર્તનની સમસ્યા સમગ્ર દુનિયાની સમસ્યા છે. તેનો સામનો સાથે મળીને કરી શકાય છે. પરંતુ કમનસીબ બાબત એ છે કે શક્તિશાળી દેશો આને લઈને ગંભીર નથી. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ તો ગ્લોબલ વોર્મિંગને કોઈ સમસ્યા તરીકે જ ગણતા નથી. જેથી અમેરિકા આ સમજુતીથી બહાર છે. વાસ્તવિકતા એ છે કે ગ્લોબલ વોર્મિંગ પર દરેક કોઈ બીજા પાસેથી પગલાની અપેક્ષા રાખે છે પરંતુ પોતે પગલા લેતા નથી. આજ કારણસર પર્યાવરણને લઈને સમસ્યા અકબંધ રહી છે.

સરકારો દ્વારા પુરતા પગલા નહીં લેવામાં આવ્યા હોવાના પરિણામે લક્ષ્યાંક અધુરા

વિટામિન યાદશક્તિ વધારે છે

વિટામીન યાદશક્તિને વધારવામાં ઉપયોગી છે કે કેમ તેને લઈને ઘણા અભ્યાસ કરવામાં આવી ચૂક્યા છે પરંતુ ફ્રાંન્સમાં કરવામાં આવેલા એક અભ્યાસ મુજબ વિટામીન યાદશક્તિને વધારવામાં ચોક્કસપણે ખૂબ ઉપયોગી છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે પુખ્તવયના જે લોકો છેલ્લા ઘણા સમયથી વિટામીન અને ખનીજ તત્વો ખાવામાં ઉપયોગ કરી રહ્યા છે તે લોકોની યાદશક્તિ આવા ઘટક તત્વોનો ઉપયોગ ન કરનાર લોકો કરતાં વધારે રહી છે. સંશોધકોનું કહેવું છે કે આ અભ્યાસના કારણો સૂચવે છે કે પૂરતા પ્રમાણમાં પોષક તત્વોથી વિચાર શક્તિ વધે છે. સાથે સાથે યાદશક્તિની કુશળતા પણ વધે છે. વધુ સમય સુધી કોઈ ચીજ યા રહી જાય છે. પરંતુ નવા અભ્યાસ સૂચવે છે કે આ પરિણામોની પ્રામાણિકતા ચકાસવા હજુ પણ વધુ અભ્યાસની જરૂર છે. બ્રિટનમાં યુનિવર્સિટી ઓફ એબરડીનમાં પોષક તત્વો સાથે સંકળાયેલા નિષ્ણાંત મેકનીલે કહ્યું છે કે દરેક વ્યક્તિએ ખાવામાં પૂરતા પ્રમાણમાં વિટામીન અને મિનરલ તત્વોનો ઉપયોગ કરવો જોઈએ. વિટામીન અને ખનીજ તત્વોની અછત ધરાવતા લોકોમાં આ પ્રકારના પોષક તત્વો જો ડાઈટમાં ઉપયોગ કરવામાં આવે તો તેમની યાદશક્તિમાં વધારો થાય છે. ફ્રાંસમાં કરવામાં આવેલા અભ્યાસમાં મોટી સંખ્યામાં લોકોને આવરી લેવામાં આવ્યા હતા. ૪૫થી ૬૦ વર્ષની વયના લોકોને આમા આવરી લેવામાં આવ્યા હતા. અભ્યાસમાં જે લોકોને સામેલ કરવામાં આવ્યા હતા તેમાં બે ગ્રુપ પાડવામાં આવ્યા હતા જેમાં અડધા લોકોને વિટામીન સી, ઈ, સિલેનીયમ, ઝીંક જેવા પોષક તત્વોનો ઉપયોગ કરનાર લોકોને રાખવામાં આવ્યા હતા. અન્ય ગ્રુપમાં ન્યુટ્રીસન મુક્ત લોકોને આવરી લેવામાં આવ્યા હતા. થોડાક વર્ષ બાદ પરિણામ ખૂબ જ આશાસ્પદ દેખાયા હતા. છ વર્ષ બાદ બંનેગ્રુપમાં ચકાસણી કરવામાં આવતા યાદશક્તિના નક્કર તારણો જાણવા મળ્યા હતા.

શાનદાર કેરિયર બનાવવા માટે કેટલાક વિકલ્પ ખુલેલા છે કારણ કે...

ઈન્ટિરિયર આર્કિટેક્ચરની બોલબાલા



ઘરને ખુબસુરત બનાવવા અને ડિઝાઈન તેમજ રંગોમાં સમજ ધરાવતા લોકો આ કામને કરીને શાનદાર કેરિયર બનાવી શકે છે

શુ તમે ઘરને ખુબસુરત બનાવવામાં રસ ધરાવો છો ? શુ તમને ડિઝાઈન, રંગ જેવી બાબતોમાં સમજ છે ? જો તમારો જવાબ હામાં છે તો આ કામને કરીને પણ શાનદાર કેરિયર બનાવી શકાય છે. તમે બીજા માટે ખુબસુરત ઘર બનાવીને પણ જંગી નાણાં કમાવી શકો છો. આના માટે માત્ર બે ચીજોની જરૂર હોય છે. પહેલી તમારી પોતાની ક્રિએટિવિટી અને બીજી ઈન્ટિરિયર ડિઝાઈનિંગને લઈને નોલેજ. વર્તમાન સમયમાં ઈન્ટિરિયર આર્કિટેકચર ક્ષેત્ર ખુબ શાનદાર કેરિયર ઓપ્શન તરીકે ઉભરી આવતા તેને લઈને કેટલીક બાબતો યુવાનોમાં ઉત્સુકતા જગાવી રહી છે. તમે આ ક્ષેત્રમાં ખુબ શાનદાર કેરિયર બનાવી શકો છો. ઈન્ટિરિયર આર્કિટેકચરમાં ઈન્ટિરિયર ડિઝાઈન અને આર્કિટેક્ચરને મિક્સ કરીને અભ્યાસ કરાવવામાં આવે છે. આપે ઈન્ટિરિયર ડિઝાઈન અંગે સાંભળ્યુ હશે. પરંતુ જો શાનદાર કેરિયર આ ક્ષેત્રમાં બનાવવા માટે તમારી ઈચ્છા છે તો કેટલીક બાબતોને ધ્યાનમાં લેવાની તાકીદની જરૂર છે. સામાન્ય રીતે બંનેને એક જ સમજવામાં આવે છે. સરળ શબ્દોમાં બંનેને એક સમજી લેવામાં આવે છે જો કે બંને અલગ છે. કલા અને વિજ્ઞાન બે અલગ વસ્તુ છે. પરંતુ જ્યારે બંને એક સાથે આવી જાય છે ત્યારે ખુબસુરત આવાસનુ નિર્માણ શક્ય બની શકે છે. જો તમે ઈન્ટિરિયર ડિઝાઈનર અને ઈન્ટિરિયર આર્કિટેક્ચરના ક્ષેત્રમાં જવા માટે ઈચ્છુક છો તો સર્ટિફિકેટસ અથવા તો ડિપ્લોમાં કોર્સ કરવામાં આવી શકે છે. તેમાં આર્કિટેક્ચર, ગણિત, બિલ્ડિંગ મેટેરિયલ , ઈન્ટિરિયર અને એક્સટિરિયર ડિઝાઈનિંગ, સિવિલ એન્જિનિયરિંગ , આર્કિટેકચર ડિઝાઈન સહિત કેટલીક ચીજોની માહિતી આપવામાં આવે છે. જો તમે પહેલાથી જ ઈન્ટિરિયર ડિઝાઈનનિંગમાં કોર્સ કરી ચુક્યા છો તો પોતાની માહિતી અને જાણકારીને વધારી દેવા માટે શોર્ટ ટર્મ ડિપ્લોમાં અથવા તો સર્ટિફિકેટ કોર્સેસ જવોઈન કરી શકાય છે. આના માટે એનઆઈએફટ, એનઆઈડી જેવી સંસ્થામાં પ્રવેશ મેળવી શકાય છે. જાણકાર લોકો કહે છે કે ઈન્ટિરિયર આર્કિટેક્ટરના ક્ષેત્રમાં ઈન્ટિરિયર ડિઝાઈનરથી વધારે સ્કોપ છે. તેમને રેસિડેન્શિયલથી લઈને કોમર્શિયલ તેમજ ઈન્ડસ્ટ્રીયલ બિલ્ડિંગ સુધી ડિઝાઈન કરવાની હોય છે. આ ઈન્ટિરિયર ડિઝાઈનરના રૂપમાં પણ કાર્ય કરી શકે છે. ઈન્ટિરિયર આર્કિટેક્ચરના ક્ષેત્રમાં ઈન્ટિરિયર ડિઝાઈનરની બોલબાલા દેખાઈ રહી છે. મોટી કંપનીઓમાં જોબ માટે આ પ્રકારની કુશળતાને પ્રાથમિકતા આપવામાં આવે છે. અભ્યાસની વાત કરવામાં આવે તો વર્તમાનમાં આ ફિલ્ડમાં સર્ટિફિકેટ અને ડિપ્લોમાં કોર્સથી લઈને માસ્ટર ડિગ્રી સુધી કેટલાક પ્રકારના કોર્સ ચાલે છે. જો ભવિષ્યને લઈને ગંભીર છો તો ઈન્ટિરિયર આર્કિટેક્ચરમાં બેચલર બીઆર્ક અથવા તો માસ્ટર ડિગ્રી એમઆર્ક કોર્સ કરવાની જરૂર હોય છે. દેશમાં હાલના સમય કેટલીક એવી સંસ્થા છે જે આ ક્ષેત્રમાં ડિગ્રી કોર્સ કરાવે છે. જેમાં દિલ્હીમાં સ્થિત પ્લાનિંગ એન્ડ આર્કિટેકચર સ્કુલ, ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી ખરગપુર, સર જે જે કોલેજ ઓફ આર્કિટેકચર મુંબઈ, બિરલા ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી મેસરા, જાધવપુર યુનિવર્સિટી કોલકત્તા, ચંદીગઢ કોલેજ ઓફ આર્કિટેકચર , તેમજ નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજીનો સમાવેશ થાય છે. જાણકાર લોકો કહે છે કે ઈન્ટિરિયર આર્કિટેક્ચર ડિઝાઈનિંગની સાથે સાથે તેના ટેકનિકલ પાસા પર પણ કામ કરે છે. દાખલા તરીકે લાઈટ્સના સ્વીચની ડિઝાઈનિંગ અને વાયરિંગ કેમ કરવામાં આવનાર છે. ક્યાં કેટલા પ્રમાણમાં વજન કામમાં લેવાની જરૂર છે. કઈ સામગ્રીનો ઉપયોગ યોગ્ય અને મજબુત રહેશે. આ તમામ ટેકનિકલ ચીજો જોવાની બાબત ઈન્ટિરિયર આર્કિટેક્ચરની હોય છે. ઈન્ટિરિયર પ્લાનિંગની સાથે સાથે આર્ટની સાથે વિજ્ઞાન પણ સામેલ રહે છે. આધુનિક સમયમાં કેરિયર બનાવવા માટે ઈન્ટિરિયર આર્કિટેક્ચર પણ શાનદાર છે. તેમાં યોગ્ય માર્ગદર્શન સાથે આગળ વધવામાં આવે તો ફાયદો થાય છે. સામાન્ય રીતે તેમાં સારા પગાર પણ રહેલા છે. સામાન્ય રીતે ફ્રેસર્સને વાર્ષિક ત્રણ લાખ રૂપિયા મળી શકે છે. ચાર અથવા તો વધારે વર્ષનો અનુભવ હોવાની સ્થિતીમાં પેકેજ ૧૦ લાખ આસપાસ પહોંચે છે.

ટિપ્પસ : જો આઈડિયામાં વિશ્વાસ છે તો કામને કરી શકાય છે...

ધંધાને ફેલાવવા પૈસા સિવાય વિકલ્પ



જે સ્ટાર્ટ અપ પાસે સ્થાયી ક્લાઈન્ટ બેઝ નથી તેમના માટે ફંડ એકત્રિત કરવા માટેની બાબત સૌથી પડકારરૂપ હમેંશા રહે છે

જે સ્ટાર્ટ અપની પાસે સ્થાયી ક્લાઈન્ટસ બેઝ નથી તેમના માટે ફંડ એકત્રિત કરવાની બાબત ખુબ પડકારરૂપ હોય છે. આજના સમયમાં બિઝનેસ અથવા તો કોઈ પણ પ્રકારના ધંધા અથવા તો કારોબારને વધારી દેવા માટે પૈસા સૌથી મહત્વપૂર્ણ હોય છે. જો ફંડ નથી તો કોઈ કામ કરવામાં મુશ્કેલી નડી શકે છે. જો કે કેટલાક જાણકાર લોકો અને બિઝનેસના ક્ષેત્રમાં સફળ રહેલા કારોબારીઓ માને છે કે બિઝનેસને ફેલાવવા માટે પૈસા સિવાય પણ વિકલ્પ રહેલા છે. જો કે તેના માટે કેટલીક બાબતો જરૂરી હોય છે. જો તમારી પાસે પોતાના આઇડિયામાં વિશ્વાસ છે તો તમે આ કામને કરી શકો છો. આના માટે સૌથી પહેલા તો આપને ક્લાઈન્ટ બેઝને વધારી દેવાની જરૂર છે. આના માટે સોશિયલ પ્રુફનો તરીકો સૌથી શાનદાર રહેલો છે. જ્યારે સ્ટાર્ટ અપમાં અથવા તો બિઝનેસમાં રોકાણનો પ્રશ્ન આવે છે ત્યારે રોકાણકારકારો, વેન્ચર કેપિટલિસ્ટ અથવા તો બિઝનેસ પાર્ટનર જેવા વિકલ્પની વાત કરવામાં આવે છે. પરંતુ આ પરંપરાગત તરીકા કરતા પણ કેટલાક નવા તરીકા આધુનિક સમયમાં રહેલા છે. જેની મદદથી તમે બિઝનેસના ફેલાવા માટે ફંડ અથવા તો નાણાંની વ્યવસ્થા કરી શકો છો. જો કે ફંડના આ નવા વિકલ્પ એવી બાબત પર આધારિત રહે છે કે આપનો કારોબાર ક્યા સ્ટેજમાં પહોંચે છે. કેટલા કદમાં ફેલાયેલુ છે. બિઝનેસ માટે ફંડ એકત્રિત કરનાર વિકલ્પનો લાભ સિંગલ ઉદ્યોગ સાહસિકથી લઈને મોટા બિઝનેસમેન સુધી લઈ શકે છે. કેટલાક લોકો કહે છે કે જો તમારા સ્ટાર્ટ અપને ચાર વર્ષથી વધારે સમય થયો છે અને કસ્ટમર બેઝ ૧૫ હજારથી વધારે છે તો પ્રી લોન્ચ ડીલની સ્ટ્રેટજીનો ઉપયોગ કરી શકાય છે. ફંડ એકત્રિત કરવાની આ રીતમાં ઉદ્યોગ સાહસિકને ક્લાઈન્ટ બેઝ સુધી પોતાના આગામી સર્વિસ અથવા તો પ્રોડક્ટસને લઈ જવાની જરૂર હોય છે. તેમાં ક્લાઈન્ટને પોતાની નવી સર્વિસ માટે ઓફર અથવા તો ડિસ્કાઉન્ટના માધ્યમથી જોડવમાં આવે છે. પ્રી લોંચ ડીલ સ્ટ્રેટેજીમાં ક્લાઈટથી એડવાન્સ બુકિંગ એમાઉન્ટ લેવામાં આવે છે. જેના કારણે આગામી સુવિધા માટે ફંડ જનરેટ કરવામાં આવે છે. આ સ્ટ્રેટેજી એ વખતે સફળ થાય છે જ્યારે આપના પ્રોડક્ટસમાં ગ્રાહકને વિશ્વાસ બેસે છે. સાથે સાથે તે આપની સાથે જોડાયેલા રહે છે. ઈ-કોમર્સ અથવા તો સર્વિસ પ્લેટફોર્મ પર સંબંધિત સેક્ટરની કંપનીઓની જાહેરાત અથવા તો પ્રમોશન જ એફિલિએટ માર્કેટિંગ છે. જેના બદલે પ્લેટફોર્મ અથવા તો કંપની ઓનરને કમીશન મળે છે. આ કોન્સેપ્ટની શરૂઆત વર્ષ ૨૦૧૨માં કરવામાં આવી હતી. શરૂઆતમાં આનો ઉપયોગ માત્ર ઈ-કોમર્સ પ્લેટફોર્મ મારફતે કરવામાં આવતો હતો. માર્કેટિંગના વધતા બજેટ અને વર્ક ફોર્સના કારણે હવે સર્વિસ, હેલ્થ, ઈન્સ્યોરન્સ, લોજિસ્ટિ સેક્ટરની કંપનીઓ પણ એફિલિએટ માર્કેટિંગનો ઉપયોગ કરવા લાગી ગઈ છે. આપના સ્ટાર્ટ અપ આ સેક્ટરમાં ટ્રેડ કરે છે. તે ઉપયોગી બાબત છે. આપના સ્ટાર્ટ અપના મામલે કેટલાક વિકલ્પ ફાયદો કરાવી શકે છે. આધુનિક સમયમાં સૌથી મોટી સમસ્યા ફંડ એકત્રિત કરવા માટેની છે. સ્ટાર્ટ અપમાં વારંવાર ફંડ જરૂરી હોય છે. બિઝનેસને ફેલાવવા અને તેને ટકાઉ સ્થિતીમાં રાખવા માટે ફંડ સૌથી ઉપયોગી ભૂમિકા અદા કરે છે. પ્રી લોંચ ડીલ સ્ટ્રેટેજી યોગ્ય તરીકા છે. સ્ટાર્ટ અપ સાથે જોડાયેલા લોકો માટે કેટલીક સાવધાની રાખીને આગળ વધવામાં આવે તો ફાયદો થાય છે. ભારતમાં સ્ટાર્ટ અપની બોલબાલા આવનાર દિવસોમાં વધારે રહી શકે છે. કારણ કે સ્ટાર્ટ અપના કારોબારના કારણે ઝડપથી પૈસા આવી રહ્યા છે. સાથે સાથે લોકો પોતાના નવા નવા વિચારો સાથે કારોબારની શરૂઆત કરી રહ્યા છે. પોતે કારોબારના માલિક બની રહ્યા છે. સ્વતંત્ર રીતે કામ કરવાની તક મેળવી રહ્યા છે. સાથે સાથે બીજાને નોકરી પણ આપી રહ્યા છે.

આ તમામ બાબતોના કારણે યુવા પેઢી નોકરી મેળવી લેવાના બદલે હવે સ્ટાર્ટ અપ માટે વિચારી રહી છે. સરકાર દ્વારા પણ કારોબાર કરવા માટે જુદી જુદી પ્રકારની સહાયતા નાણાંકીય રીતે આપી રહી છે. જે રસ્તાને સરળ બનાવે છે.

ADVAIT FOOD

Home Tiffin Service

- જૈન ટિફિન મળશે.
- ઘર નું શુધ્ધ અને સાત્વિક ટીફીન મળશે.
- સીઝનલ આઇટમ જેવીકે ચીકી, શીયાળુ મીઠાઇ ઓર્ડર થી બનાવી આપવામાં આવશે.
- ડ્રાય ફરસાણ ઓર્ડર થી બનાવી આપવામાં આવશે.
- પાર્ટી ઓર્ડર સ્વીકાર્ય (૫૦ થી ૭૦ માણસ સુધી)
- હોમ ડિલિવરી સર્વિસ ચાલુ છે.

Free Home Deliver

Tiffin Rs.80/-

Mo. 8160275876 / 9426387071

---

the next big thing

URMI

INVESTMENT CONSULTANCY
CREATING WEALTH SINCE 1999

म्युच्युअल फंड सही है ? परंतु
शुं आपनो Portfolio सही है ?
SWACHH PORTFOLIO ABHIYAN

अनेक नही
एक
INDIA, INVESTMENT AND I

#Sapno_ se_Haqeeqat_Tak
2200 दिन मे. .

२०२५ ने ध्यानमां राखीने आपना PORTFOLIO ने स्वच्छ करावो.

• नवा PAN કાર્ડ • URGENT PAN કાર્ડ
• PAN કાર્ડમાં સુધારો • 15 વર્ષના અનુભવી

B.Com. Computer જાણકાર જોઈએ છે.
F.Y., S.Y., T.Y. વાળા પણ સંપર્ક કરી શકે છે.

વીલ બનાવવા માટે સંપર્ક કરો.
CUSTOMER CARE : 8200434554

વધુ માહીતી માટે સંપર્ક કરો.

સરનામું : ૨૪-૨૫, પહેલો માળ, અમરદિપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, સ્ટેશન રોડ, ભરૂચ.
ફોન : (૦૨૬૪૨) ૨૪૨૫૨૫, ૨૬૭૭૭૮

॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ જય સીતારામ ॥ ॥ શ્રી આશાપુરી માતાય નમઃ ॥

જય જગન્નાથ એગ્રોટેક

૬, કિશ્ના કોમ્પ્લેક્ષ, માર્કેટ યાર્ડ સામે, હાઈવે રોડ, બાવળા. જિ. અમદાવાદ.
કનુભાઈ એસ. પ્રજાપતિ
Web : jayjagannathagrotech.com
Email : jayjagannathagro@gmail.com
9714 115 115 મો. 94273 60548, 91572 30464

ખેતીને લગતા ટ્રેક્ટર સંચાલિત આધુનિક-વૈજ્ઞાનિક સાધનોના ડીલર

ટોકરી મોડલ ૪૦ એચ.પી. ટ્રેક્ટર
પંજાબનું (હેવી) સબસીડીપાત્ર **ઓટોમેટિક થ્રેશર**
ઘઉં-ચણાનું (ડાલા, તુવેર, સોયાબીન, જુવાર, બાજરો, ચણા - ૨૭ જાતના પાક)

સ્પે. મગફળી થ્રેશર સબસીડીપાત્ર (વીણી-તજ મગફળીનું થ્રેશર)

મગફળી ડિગર સબસીડીપાત્ર મગફળી ઉખાડવાનું

ટ્રોલી
ટ્રેક્ટર કંબાઈન્ડ થ્રેશર/હાર્વેસ્ટર સબસીડીપાત્ર ૯ ફૂટ કટર

હાર્વેસ્ટર (ભીની તથા મોકું) (સ્વરાજ તથા અન્ય પંજાબના કોઇપણ હાર્વેસ્ટર) સબસીડીપાત્ર ૫૨-૧૨-૧૪ ફૂટ કટર

ચારણો કરતું
લસણ/ડુંગળીનું કટર ટ્રેક્ટર - ઈલેક્ટ્રીક મોટર સંચાલિત (જાનું/મોકું)

ડીલર
મહિન્દ્રા રોટાવેટર (હેવી) સબસીડીપાત્ર ૫- ૫.૫-૬ ફૂટ

ડીલર
કોમ્પ્યુટર પાવડો લેઝર લેવલર (સિંગલ - ડબલ ટાયર) ઓરીજીનલ જર્મની - ઇટાલી સબસીડીપાત્ર

૨, ૩, ૩.૫ ફૂટ
આંતરખેડ (પાવર વિડર) ઘાસનું રાંપડા દેવાનું - ઢૂંઢવાનું પેટ્રોલ તથા ડીઝલ (સબસીડી પાત્ર)

ટ્રોલી-ઢગલામાંથી ગોડાઉનમાં હુસેલ-ફૂલ-કુંવળ ભરવાનું બ્લોઅર, બંધારિયું, પંજાબનું સાદું રિવર્સ લોડર, પાવડો-રિવર્સ પાવડો, થ્રેર તથા બહારગામથી મોબાઈલ દ્વારા મોટરપંપ ચાલુ-બંધ કરવાનું મશીન, બેટરી શોટ-ઝટકા તાર ફેન્સીંગ, ચાપ કટર (પૂળા કાપવાનું) તથા અન્ય ખેતીકામને લગતા તમામ પ્રકારના સાધનો મળશે.

ચાલુ કામનો વિડિયો વોટ્સએપ/વેબસાઈટ/યુટ્યુબ પર જોવા મળશે. | ટૂંક સમયમાં હાર્વેસ્ટરના સ્પેરપાર્ટ્સ મળશે.

ખેડૂતોએ ખેતીકામના કોઈપણ સાધનો ખરીદતાં પહેલાં એક વખત ફુબરુ મુલાકાત અવશ્ય લેવી.

જૂનું છોડો... નવું અપનાવો... આગળ વધો... પ્રગતિ કરો... ખેડૂતનાથ એ જ જગન્નાથ

અખંડ ભારત રહો — અહિંસા પરમો ધર્મ

વિષ્ણુ સુદર્શન જ્યોતિષ

જીઓ ઔર જીને દો

Guarantee for Solution and Privacy All World Open Challange

૪૦ વર્ષના અનુભવી શ્રી રાજગુરૂજી દેશ-વિદેશમાં પ્રખર ૪ પેઢીથીસેવા આપનાર.
દેશ-વિદેશનાં લેતા ભાઈ-બહેનો વૈજ્ઞાનિક કોલથી કામ કરાવી શકે છે
૧૮ ગોલ્ડમેડાલિસ્ટ, ફોરેન રીટર્ન, વર્લ્ડ ફેમસ
એકવાર ફોન કરો લાભ લો.

વિશેષ : શેર-સટ્ટા, લોટરી, હોટલ, મોટેલરેસ્ટોરન્ટ, ટી.વી. ફિલ્મલાઈનમાં કામ, કેરીયરએશીપ જોબ, ફસાયેલા નાણાં, દારૂ-ડ્રગ્સ છોડાવો,દેશ-વિદેશની એ ટુ ઝેટ ગુપ્ત તમસ્યા, પતિ-પત્નની સેક્સ્યુલ પ્રોબ્લેમ, તંતાનપ્રાપ્તિ, નબળાઈ, કમજોરી, અશાંતિ, ગુપ્ત રોગ તમસ્યા, લેસ્બિયન, ગે, હોમા સિક્સનશીપ, પ્રેમી-પ્રેમિકા સેટલમેન્ટ, લવપ્રોબ્લેમ, વશીકરણ, ધાર્યું કામ, સ્ત્રી-પુરુષ વશ, કુબ્જા મોહિની વશીકરણ, વિદેશ, વિઝા, વ્યસન, બિમારી ભૂતપ્રેત, ડર, ભય-રોગ, ગુપ્ત રોગ, મૂઠ શત્રુનાશ, સૌતનત્રાસ, ઘરેલું સમસ્યા, મેલીવિદ્યા, મૂઠયોટ, વશીકરણ, શત્રુવિજય તત્કાલીનનિવારણ તથા હસ્તમૈથુન, શીઘ્રપતન,સ્વપ્નદોષ, અંગત સૈકસ સંબંધ , ખોડા વહેમ, આડા તાંબંધ, સ્વપ્ન કે ઈન્દ્રીયો માં વધારો, વિદેશ જવા ઈચ્છો છતાં વિઝા નથી મળતો વગેરે સમસ્યા માટે ખાસ મળો.

- શું તમે એજ્યુકેશનમાં નબળા છો ?
- તમને વ્યસન ની ટેવ છે ?
- તમે અવરી લત પર ચઢી ગયા છો ?
- તમે જીવનની સમસ્યામાં ઘેરાઈ ગયા છો ?
- તમને શત્રુનો ત્રાસ છે ?
- ઘરમાં અશાંતિ છે ?
- બિમારીથી ઘેરાઈ ગયા છો ?
- કર્જ થઈ ગયો છે, વ્યાપાર-ધંધો ચાલતો નથી ?
- પતિ-પત્ની સંતાનથી પીડાઈ રહ્યા છો ?

હજારો ભવિષ્યવાણી સિદ્ધ લાખો કામ સફળ

હસ્તરેખા, જન્માક્ષર, વાસ્તુ,પિરામીડ, રમલશાસ્ત્ર,ફેંગશુઈ,ટેરો,સ્ટોન, ફેસ રીડીંગ સ્પેશ્યાલિસ્ટ

મોબાઇલ, ઇલેકટ્રોનીક, બ્યુટીપાર્લર, કોસ્મેટીક, હોઝયરી,ક્લોથ સ્ટોર, રિયલ એસ્ટેટ, ટ્યુશન ક્લાસ,કેટરીંગ, કરીયાણુ, દવાખાનું, મેડીકલ, અથવા ઓફિસવર્ક,ફેકટરી માં કોઇ પણ સમસ્યા માટે ખાસ અલોકીક વસ્તુ મળશે.

ઘરે બેઠા કામ થશે

નોંધ : નેતા, અભિનેતા, અભિનેત્રીઓ, ટીવી સ્ટાર, ઉદ્યોગપતિ, પ્રતિષ્ઠિત વ્યકિત, ઉચ્ચ ધનાઢય, મધ્યમવર્ગ,લાખો લોકોએ લાભ લીધેલ, જેના લખાણ કે વખાણની જરૂર નથી. મળીને ખાત્રી કરો.

Note : If Husband, Son or Boy Friends not Listening to your advice Cont Immediately

વડોદરા, ગુજરાત. M. 9574776699

VIMOX™ INNOVATION



Customer Care
72260 72333 | 72260 72444 | 72260 72555
Web.: www.vimoxindia.com E-mail: vimoxindia@gmail.com

સેલ...સેલ...સેલ...સેલ...સેલ...

અમદાવાદના પ્રખ્યાત ઢાલગરવાડવાળા

નુ ફેન્સી સીંગલ/ડબલ બેડ ચાદરોનું ભવ્ય સેલ ટુંક સમય માટે જ — ફકત ટુંક સમય માટે જ

સીંગલ બેડ 4 ચાદર ₹550 મર્યાદિત સ્ટોક

ડબલ બેડ 3 ચાદર જયપુરી ચાદર કવર સાથે ₹999 મર્યાદિત સ્ટોક

ટુવાલ-નેપકીન, સીંગલ-ડબલ બેડ ચાદર, કાર્પેટ, દોહર, દોહર સેટ, પિલો કવર, કુશન કવર, રજાઈ કવર, ભાગલપુરી સાલ, સોલાપુરી ચોરસા, દીવાન સેટ, બેડ રનર, પગ લુછણીયા, આસન, કમ્ફર્ટર

રેમન્ડ, રીલાયન્સ, મફતલાલ, ટ્રાઈડેન્ટ, વેલસ્પન જેવી બ્રાન્ડેડ કંપનીઓના ડબલબેડ પર હેવી 50% ડીસ્કાઉન્ટ

